RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 263* Date: 13 .07.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ઉત્તરાખંડ-પંજાબ સહિત ૫ રાજ્યમાં ભારે વરસાદ

# ૪ દિવસમાં ૧૦૦નાં મોત; કુલુમાં બજાર અડધી નદીમાં વહી ગઇ









ઉત્તરાખંડ, દિલ્હી, યુપી, પંજાબ અને હરિયાણામાં સતત વરસાદ થઈ રહ્યો છે. ખરાબ હવામાનને કારણે દેશનાં વિવિધ રાજ્યોમાં છેલ્લા ૪ દિવસમાં ૧૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે.૮ જુલાઈથી, હિમાચલ પ્રદેશમાં ૩૬, યુપીમાં ૩૪, જમ્મુ અને કાશ્મીરમાં ૧૫, ઉત્તરાખંડમાં ૯, દિલ્હીમાં ૫ અને રાજસ્થાન, મહારાષ્ટ્ર અને હરિયાણામાં એક-એક મૃત્યુ નોંધાયા છે.હિમાચલ પ્રદેશમાં બે દિવસ બાદ રેડ એલર્ટ છે. સિમલા, સિરમૌર, કિન્નૌરમાં પૂરનું એલર્ટ છે. કુલ્લુમાં ૩૦ ઘરો અને ૪૦ દુકાનો સાથેના સાંજ બજાર અડધી બિયાસ નદીમાં વહી ગઈ.ઉત્તરાખંડમાં આજે વરસાદને લઈને રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ભૂસ્ખલનને કારણે ગંગોત્રી અને યમુનોત્રી નેશનલ હાઈવે ઘણી જગ્યાએ બંધ છે. અહીં ૩થી ૫ હજાર લોકો ફસાયેલા છે.દિલ્હીના જૂના રેલવે બ્રિજ પર યમુના નદીનું જળસ્તર ૨૦૭.૨ મીટરને પાર કરી ગયું છે. હરિયાણાના હથિની કુંડ બેરેજમાંથી ૩.૨૧ લાખ ક્યુસેક પાણી છોડવાના કારણે રાજધાનીમાં પૂરનું જોખમ વધી ગયું છે.હિમાચલના ચંદ્રતાલમાં ૨૫૦ પ્રવાસીઓ ફસાયેલા છે. સીએમ સુખુએ કહ્યું છે કે જો ૮ કલાક વરસાદ અટકશે તો બધાને બચાવી લેવામાં આવશે.

સોલનમાં ભૂસ્ખલનને કારણે બે પરપ્રાંતિય મજૂરોનાં મોત થયાં હતાં. તે જ સમયે, ચંદીગઢ-સિમલા અને ચંદીગઢ-મનાલી નેશનલ હાઈવે આંશિક રીતે ખોલવામાં આવ્યા છે.દિલ્હીના ચાણક્યપુરી વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. કેટલાક રાજદ્વારીઓ અને વરિષ્ઠ અધિકારીઓનાં ઘરોમાં પણ પાણી ઘૂસી ગયાં હતાં.હરિયાણાના ૯ જિલ્લાનાં ૬૦૦ ગામો પૂરમાં ડૂબી ગયાં છે. અંબાલાનો ૪૦% વિસ્તાર પાણી હેઠળ છે.ચંદીગઢ-અંબાલા હાઈવે ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. તે જ સમયે, અંબાલા-કૈથલ-હિસાર નેશનલ હાઈવે હજુ પણ બંધ છે.આ રાજ્યોમાં ભારે વરસાદ પડશેઃ રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલ, ઉત્તરાખંડ, હરિયાણા, પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, સિક્કિમ, પશ્ચિમ બંગાળ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર, ત્રિપુરા, ગુજરાત, ગોવા, કર્ણાટક, કેરળ, આંધ્રપ્રદેશ અને ઓડિશા.

## ભાજપે રાજ્યસભાની ગુજરાતની ૨ બેઠકો પર કેસરીસિંહ અને બાબુભાઈ દેસાઈના નામ જાહેર કર્યા



ગુજરાતની રાજ્યસભાની ત્રણ બેઠકો માટે આગામી ૨૪મી જુલાઈએ ચુટણી યોજાનાર છે ત્યારે આજે ભાજપે વધુ બે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. ભાજપે બાબુભાઈ જેસંગ દેસાઇ અને કેસરીસિંહ ઝાલાના નામની જાહેરાત કરી છે. આ અગાઉ ભાજપ તરફથી એસ જયશકંર ઉમેદવારી ફોર્મ ભરી ચૂક્યા છે. કેસરીસિંહ ઝાલાના પિતા દિગ્વિજયસિંહ કોંગ્રેસની સરકારમા ભારતના પ્રથમ પર્યાવરણ મંત્રી હતા. તેઓ મુંબઈ રહે છે. કેસરીસિંહ ઝાલાના લગ્નમાં સ્મોદીએ પણ હાજરી આપી હતી. એમના કાકા રણજીતસિંહ હાલ ઉંમર ૮૩ વર્ષના છે અને રાજસ્થાનમા રહે છે. તેઓ ફોરેસ્ટ સેક્રેટરી હતા ત્યારે તેમણે વન્યજીવ સંરક્ષણ કાયદો ઘડાયો હતો અને ભારતમાં ચિતાને લાવવા માટે સુપ્રીમ કોર્ટમાં પક્ષ રાખ્યો હતો.ભાજપે કેસરીસિંહ ઝાલાને ઉમેદવાર બનાવીને એક કાંકરે બે પક્ષી મારવાનો દાવ રમ્યો છે. કેસરીસિંહનો ફાયદો ભાજપને આગામી રાજસ્થાનની ચૂંટણીમાં પણ થઈ શકે છે. કારણ કે કેસરીસિંહનું મોસાળ રાજસ્થાનના રાજવી પરિવારમાં થાય છે.

કોણ છે બાબુભાઈ દેસાઈ?

બાબુભાઈ દેસાઈ પૂર્વ ધારાસભ્ય છે. તેઓ વર્ષ ૨૦૦૭માં બનાસકાંઠાની કાંકરેજ બેઠક પરથી જીત્યા હતા. આ સિવાય તેઓ વર્ષ ૨૦૧૨થી ગુજરાત પ્રદેશ ભાજપના ગૌ સંવર્ધન સેલના કન્વીનર રહ્યા હતા. બાબુભાઇ દેસાઇ કાંકરેજ તાલુકાના ઉબરી ગામના વતની છે. તેઓએ ઓલ્ડ જીજીઝ ઉપરાંત અંગ્રેજી મીડિયમમાં સ્ટેનોગ્રાફીનો અભ્યાસ કર્યો છે.

ભાજપે ગુજરાતની સાથે સાથે બંગાળના રાજ્યસભાના ઉમેદવારના નામની પણ જાહેરાત કરી છે. ભાજપે બંગાળમાંથી અનંત મહારાજના નામની જાહેરાત કરી છે. તેમને મિથુન ચક્રવર્તી જેવા નેતાઓને પાછળ છોડીને ટિકિટ મળી છે. અનંત મહારાજ ગ્રેટર કૂચ બિહાર પીપલ્સ એસોસિએશનના વડા છે.

## માનહાની કેસમાં રાહુલ ગાંધીની મુશ્કેલી વધી, ફરિયાદી પૂર્ણેશ મોદીએ સુપ્રીમમાં કેવિયેટ પીટિશન દાખલ કરી

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટે માનહાની કેસમાં રાહુલ ગાંધીને રાહત આપી નથી. ત્યારે તેઓ સુપ્રીમ કોર્ટમાં અરજી કરે તે પહેલાં જ ફરિયાદી પૂર્ણેશ મોદીએ સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ પીટીશન દાખલ કરી છે. ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ સુપ્રીમમાં કરેલી અરજીમાં કહ્યું હતું કે, જો રાહુલ ગાંધી ગુજરાત હાઈકોર્ટના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરે અને તો તેમની સામે અમરો પક્ષ પણ સાંભળવો જોઈએ.પૂર્ણેશ મોદીએ અરજીમાં વધુ રજૂઆત કરી હતી કે, સુપ્રીમ કોર્ટે તેમનો પક્ષ સાંભળ્યા વિના કોઈ આદેશ કે નિર્દેશ જારી ના કરવો જોઈએ. ગુજરાત હાઈકોર્ટે ‘મોદી સરનેમ’ બદનક્ષીના કેસમાં દોષિત ઠરેલા રાહુલ ગાંધીને સુરત



જિલ્લા અદાલત દ્વારા આપવામાં આવેલી બે વર્ષની સજા પર સ્ટે મૂકવાનો ઇનકાર કર્યો હતો. નીચલી અદાલતના નિર્ણયને યોગ્ય ગણાવીને ગુજરાત હાઈકોર્ટે રાહુલ ગાંધી પરની સજાને રદ કરવાની અરજી ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટે રાહુલ ગાંધીને ઝટકો આપ્યા બાદ હવે તેમની સામે માત્ર એક જ વિકલ્પ બચ્યો છે અને તે છે સુપ્રીમ કોર્ટ. હવે તેઓ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને પોતાની સજા પર સ્ટે મુકવા માટે અરજી કરશે. ત્યારે ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ આ પહેલાં જ કેવિયેટ પીટિશન દાખલ કરીને રાહુલ ગાંધીની મુશ્કેલીમાં વધારો કર્યો છે. આ વર્ષે ૨૩ માર્ચે, સુરતની નીચલી અદાલતે ૨૦૧૯ની ચૂંટણી દરમિયાન કર્ણાટકમાં એક રેલીમાં ‘મોદી અટક’ વિશેના ભાષણ માટે રાહુલ ગાંધીને દોષિત ઠેરવ્યા હતા અને તેમને બે વર્ષની કેદ અને દંડની સજા ફટકારી હતી.

## ૬૨મી સુબ્રટો કપ ઈન્ટરનેશનલ ફૂટબોલ ટુર્નામેન્ટ-૨૦૨૩નું આયોજન

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે અને જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી,અરવલ્લી દ્વારા ચાલુ વર્ષે સબજુનિયર અં-૧૪ ભાઈઓ અને અં-૧૭ ભાઈઓ / બહેનોની સુબ્રટો કપ ઈન્ટરનેશનલ ફૂટબોલ ટુર્નામેન્ટ-૨૦૨૩નું આયોજન તા.૧૪/૦૯/૨૦૨૩ થી ૨૩/૦૯/૨૦૨૩ સુધીમાં ન્યુ દિલ્હી ખાતે યોજાનાર છે. જેમાં ગુજરાત રાજ્યની વિજેતા ટીમો ભાગ લેશે જે અન્વયે અરવલ્લી જીલ્લાકક્ષાની સ્પર્ધાનું આયોજન તા.૨૦/૦૭/૨૦૨૩નાં રોજ સવારે ૦૯:૦૦ કલાકે સેન્ટ્ર ઝેવિયર્સ સ્કુલ ભિલોડા ,તા.ભિલોડા જિ.અરવલ્લી ખાતે કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે આપની શાળાની ટીમોનું પ્રિ-સુબ્રટો મુખર્જી ટુર્નામેન્ટની વેબસાઈટ (ુ.જેહ્વર્ક્ષ્ટિ.હ) પર ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને રજીસ્ટ્રેશન કરેલ ટીમો જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સ્થળ :- સેન્ટ્ર ઝેવિયર્સ સ્કુલ, ભિલોડા, તા.ભિલોડા જિ.અરવલ્લી

સંપર્ક નંબર :- અમિત ઉપાધ્યાય ( સંપર્ક નં- ૯૭૨૬૧૪૪૮૫૫ )

## મુંબઈમાં મેઘમહેર, અત્યાર સુધીમાં વાર્ષિક સરેરાશનો ૩૧ ટકા વરસાદ થયો

મુંબઈમાં સોમવારે સવાર સુધી ૨,૫૪૭ મિલીમીટર અને વાર્ષિક સરેરાશના ૩૧.૧૭ ટકા વરસાદ નોંધાયો છે. સિટી સિવિક બોડીના ચોમાસાના અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગના મુંબઈ કેન્દ્રે દેશની આર્થિક રાજધાનીમાં લગભગ ૧૫ દિવસ મોડી ચોમાસાની શરૂઆતની જાહેરાત કરી હતી.બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અહેવાલ મુજબ હવામાન વિભાગના મુંબઈ કેન્દ્રે છેલ્લા ૧૫ દિવસમાં સાંતાક્રુઝ વેધશાળા ખાતે ૧,૦૪૩.૮ મિલીમીટર અને કોલાબા વેધશાળા ખાતે ૬૫૮.૭ મિલીમીટર વરસાદ નોંધ્યો હતો. મળેલા અહેવાલ મુજબ સાંતાક્રુઝ વેધશાળામાં નોંધાયેલ વરસાદ



સરેરાશ વાર્ષિક ૨,૭૮૪ મિલીમીટર વરસાદના ૩૭.૪૯ ટકા અને કોલાબા વેધશાળામાં ૨,૩૧૦ મિલીમીટરના સરેરાશ વાર્ષિક વરસાદના ૨૮.૫૨ ટકા હતો.ગયા વર્ષે સમાન સમયગાળા દરમિયાન, સાંતાક્રુઝ અને કોલાબા વેધશાળાઓમાં અનુક્રમે ૧,૧૦૬.૬ મીલીમીટર અને ૧,૦૧૫.૧ મિલીમીટર વરસાદ નોંધાયો હતો. અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે હવામાન વિભાગના મુંબઈ કેન્દ્રે આગામી ૨૪ કલાકમાં શહેર અને ઉપ-શહેરોમાં મધ્યમ વરસાદની આગાહી કરી છે. અહેવાલ મુજબ મુખ્ય શહેર, પૂર્વ અને પશ્ચિમ ઉપનગરોમાં સોમવારે સવારે ૮ વાગ્યે સમાપ્ત થયેલા ૨૪ કલાકના સમયગાળામાં અનુક્રમે ૧૩.૧૨ મિલીમીટર, ૧૩.૫૯ મિલીમીટર અને ૧૯.૭૭ મિલીમીટર વરસાદ નોંધાયો હતો.

## લાંગાના ભ્રષ્ટાચારથી સરકારને ૨૦ કરોડનું નુકસાન, હજી તપાસ ચાલુ : ચુડાસમા

અમદાવાદઃ ગાંધીનગરના પૂર્વ કલેક્ટર એસ.કે.લાંગાએ તેમના કાર્યકાળ દરમ્યાન જમીનોના પ્રિમીયમ નહી વસુલી ખોટા દસ્તાવેજો ઉભા કરી બિનખેડૂતને ખેડૂત બનાવી સરકાર સાથે છેતરપિંડી કરી હોવાનો મહેસુલ વિભાગની તપાસમાં ભાંડો ફુટ્યો હતો અને વિવિધ ૧૮ મુદ્દાઓને લઇને ગાંધીનગરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ગુનાહિત ષડયંત્ર સહિતની કલમો હેઠળ સરકાર દ્વારા ગુનો દાખલ કરાવવામાં આવ્યો હતો. ત્યારે બે મહિના બાદ આખરે ગાંધીનગર પોલીસે લાંગાની રાજસ્થાનના માઉન્ટ આબુથી ધરપકડ કરી લીધી છે. ત્યારે ગાંધીનગર રેન્જૈંય્ અભય ચુડાસમાએ લાંગાના કેસને લઈને નિવેદન આપ્યું છે. રેન્જૈંય્ અભય ચુડાસમાએ જણાવ્યું છે કે




એસ.કે.લાંગા પાસે વધુ સંપતી જાહેર થઈ છે. તેમણે સરકારને રૂપિયા ૨૦ કરોડનું નુકસાન પહોચાડ્યું છે.એસ કે લાંગાની પુછપરછ દરમિયાન કોના કોના નામ નીકળશે અને આ કૌભાંડ તેમણે કોની સૂચનાથી કર્યું હતું અને કોના કહેવાથી કર્યું હતું એ બધી તપાસ પછી જે કોઈ નીકળશે એમને છોડવામાં નહીં આવે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આ કેસમાં હજી સુધી કોઈ રાજકીય નામ સામે આવ્યું નથી. જે વિસ્તૃત પુછપરછ પછી જ સામે આવી શકે,. અત્યાર સુધીમાં ૨૦ કરોડ જેટલી રકમનું નુકસાન થયાનું સામે આવ્યું છે. હજી વધુ પ્રકરણો સામે આવી રહ્યાં છે. અત્યારે તો હજી મુલસાણા અને પેથાપુરની જ તપાસ થઈ શકી છે. કારણ કે બહુ જ મોટા પ્રમાણમાં દસ્તાવેજો છે અને પુરાવાઓ પણ છે.

## તંત્રી લેખ......

# ફોર્બ્સની યાદીમાં આ ચાર ભારતીય મહિલાઓનું સ્થાન

ભારતીય મૂળની મહિલાઓ સમગ્ર વિશ્વમાં પોતાનું નામ બનાવી રહી છે. ફોર્બ્સે ૧૦૦ સૌથી અમીર મહિલાઓની યાદીમાં ભારતીય મૂળની ચાર મહિલાઓને પણ સ્થાન આપ્યું છે, જેમણે પોતાની ઓળખ બનાવી છે. આ ભારતીય મહિલાઓએ સમગ્ર વિશ્વમાં ભારતનો ડંકો વગાડ્યો છે. આ ચારની સંયુક્ત નેટવર્થ ઈ૪ બિલિયનથી વધુ છે. ફોર્બ્સની યાદીમાં કોમ્પ્યુટર નેટવર્કિંગ ફર્મ અરિસ્તા નેટવર્ક્સના પ્રેસિડેન્ટ અને સીઈઓ જયશ્રી ઉલ્લાલ, આઈટી કન્સલ્ટન્ટ અને આઉટસોર્સિંગ ફર્મ સિન્ટેલના સહ-સ્થાપક નીરજા સેઠી, ક્લાઉડ કંપની કન્ફ્લુઅન્ટના કો-ફાઉન્ડર અને ભૂતપૂર્વ સીટીઓ નેહા નારખેડે અને ઈન્દ્રા, ભૂતપૂર્વ ચેરમેનનો સમાવેશ થાય છે અને પેપ્સિકોના સીઈઓ નૂયીનો સમાવેશ થાય છે. શેરબજારમાં ઉછાળા વચ્ચે ફોર્બ્સની ૧૦૦ સૌથી ધનિક મહિલાઓની યાદીમાં સામેલ મહિલા ઉદ્યોગપતિઓની કુલ નેટવર્થ એક વર્ષ પહેલાની સરખામણીમાં ૧૨ ટકા વધી છે અને સંપત્તિ વધીને ઈ૧૨૪ બિલિયન થઈ ગઈ છે. જયશ્રી ઉલ્લાલની કુલ નેટવર્થ... તો આટલી બધી... અરિસ્તા નેટવર્ક્સના પ્રમુખ અને સીઈઓ જયશ્રી ઉલ્લાલ આ યાદીમાં ૧૫મા ક્રમે છે. તેમની કુલ નેટવર્થ ઈ૨.૪ બિલિયન છે. તે ૨૦૦૮થી અરિસ્તા નેટવર્ક્સના પ્રમુખ અને સીઈઓ છે. અરિસ્તા નેટવર્ક્સની આવક વિશે વાત કરીએ તો, વર્ષ ૨૦૨૨ માં, ઈ ૪.૪ બિલિયન હતી. જયશ્રી ઉલ્લાલ ક્લાઉડ કમ્પ્યુટિંગ કંપની સ્નોફ્લેકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં પણ સામેલ છે. ૨૫માં સ્થાને છે આ યાદીમાં નીરજા સેઠી... જેની કુલ સંપત્તિ ૯૯ મિલિયન ડોલર છે. સેઠી અને તેમના પતિ ભરત દેસાઈ દ્વારા ૧૯૮૦માં સહ-સ્થાપિત, સિન્ટેલને ફ્રેન્ચૌં ફર્મ ઈંજ જીઈ દ્વારા ઓક્ટોબર ૨૦૧૮માં ઈ૩.૪ બિલિયનમાં ખરીદી લેવામાં આવી હતી. શેઠીને અંદાજે ઈ૫૧૦ મિલિયન શેર તરીકે મળ્યા. બીજી તરફ, ૩૮ વર્ષીય નેહા નારખેડે, ક્લાઉડ કંપની કન્ફ્લુઅન્ટના સહ-સ્થાપક અને ભૂતપૂર્વ ર્ક્, ઈ૫૨૦ મિલિયનની નેટવર્થ સાથે યાદીમાં ૩૮મા સ્થાને છે.




## પુસ્તક પરિચય
## લેખક : કલ્પેશ પટેલ
## લઘુનવલ : સર... !

કલ્પેશ પટેલે કાવ્ય, વાર્તા, નવલકથા, નિબંધ, જીવનચરિત્ર, શિક્ષણ, સંપાદન ક્ષેત્રે ગુજરાતી સાહિત્યમાં કાર્ય દીપાયમાન છે. વ્યવસાયે શિક્ષકનો જીવ એમાં આપણને પ્રથમ આવૃત્તિઃ ૨૦૦૯ દ્રિતીય આવૃત્તિ:૨૦૧૩માં પણ સર...! લઘુનવલ પ્રાપ્ત થઈ. લઘુનવલ વાંચતાં લેખક મનોવિજ્ઞાનના સારા જાણકાર હોય તેવું લાગ્યા વિના રહેતું નથી.

ડૉ. મણીલાલ હ.પટેલ ને કવનનું પાત્ર ગમ્યું છે. સર...! લઘુનવલ વાંચીને લેખક સાથે ફોન પર વીગતે વાત કરી હતી, તો ડૉ. ઈલાબહેન કોઠારી અને અજય ઓઝાએ એની આસ્વાદાત્મક વિવેચના કરી છે, તો જલ્પા ગંઢેચાએ પણ મૌલિક રીતે પ્રતિભાવ આપેલ છે. આ સિવાય આ લઘુનવલથી પ્રભાવિત અનેક છે. જેમા વિપુલ વ્યાસ, એક વૃદ્ધ વાચક, વાર્તાકાર મિત્ર જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, કોમલ પટે, નીતા ઝાલા, ઉષાબહેન પટેલ, માયાબહેન ચૌહાણ, મહેન્દ્ર મકવાણા, કોશિક પરમાર, વિરાગ સુતરિયા, રંગકર્મી મિત્ર ભગવત ભાવસાર આદિ મિત્રનું સુખદ સ્મરણ કરેલ છે. જેમાં ધીરગંભીર "સર...!" ને તોફાની વિદ્યાર્થી કાનનની આ લઘુનવલમાં 'કોઈને કાનનની સહજતા સ્પર્શી હતી તો કો કવનની પ્રૌઢિ !'એમ બીજી આવૃત્તિ સમયે કલ્પેશ પટેલે જણાવેલ છે. ૧૩૨ પાન ની આ લઘુનવલને શુભેચ્છક બહેને એનો અંત વાંચવાનું ટાળ્યું હતું. કારણ કે "સર... !"નું મૃત્યુ સ્વીકારી શકતાં નહોતાં. આમ કવનના પાત્રને જીવત જોવા પણ મન મથે છે.

અંતર્મુખ પ્રોફેસર કવન -બીમારી વાલ્વ્યુલર ડિસીઝ ૩૬ ની ઉંમર બંને ની વચ્ચે દસ બાર વર્ષનો સમયગાળો કવન સમજદાર સરે નવલકથા 'સંશયાત્મા' લખેલી છે. તેના વખાણ કાનન કરે છે. શરૂઆત માં એકમેકના માટે અભિમાની, દંભી લાગતા પણ જુજ સમયમાં જ એકબીજાની પ્રતિભા અને વિદ્વતાથી પ્રભાવિત થાય છે. કવનને બીમારી હોવાથી અને સમાજમાં ખોટું ઉદાહરણ નાં બેસાડાય તેથી લગ્ન તો નથી થતાં પરંતુ કવને લગ્ન માટે ના વિચારતા કાનન મનોજ સાથે પરણી છે. કાનને એના પર કૃપા કરી એથી મોટી ક્વોલિફિકેશન કઈ?......મનોજના કુળ-મૂળ અને રૂપ સારા કામમાં ઉઘરાણી કરે. લઘુનવલના અંતમાં કાનન નાં લગ્ન થાય છે ને હનીમૂન માટે જાય છે તે સમયે કવનને ક્રોનિકની તકલીફો વધે છે. અને કવન મૃત્યુ પામે છે.

'કાનન એટલે જંગલ.' એવા પ્રોફેસર કવન અંતર્મુખી હોવા છતાંય હળવી મજાક કરી લે છે ને કાનન 'જંગલી તો નહી ને સર!' એવો જવાબ આપનારી બિન્દાસ્ત ને જિદ્દી છે. એકવાર બિન્દાસ્ત કાનન અર્ધી રાતે કવનના રૂમમાં પહોંચી જાય છે. અને આજે હું અહી જ સુઈ જઈશ એમ પણ કહી દે છે. મીઠી સંવેદનાત્મક કૃતિમાં કાનન ને કવન વારાફરતી પોતાની મીઠી સંવેદના રજૂ કરે છે. સંવાદો ટુંકા ને સરળ. તળપદી ભાષા અને અંગ્રેજી સંવાદો વાચકનો લય વધુ પાત્રોના મનોભાવ વ્યક્ત થાય છે. ભારતી વાઘેલા

## લડ મા

કૂતરા બિલાડા જેવું અમથું લડ મા,
સાપે છછુંદર ગળ્યા જેવું નડ મા.

કંઈ કારણ હોય તો સમજ્યા મારા ભૈ,
મગર જેવું નકરૂં બનાવટી રડ મા.

કોઈક દિવસ અસ્ત્રશસ્ત્ર મ્યાન કર,
વિરોધ ખાતર વિરોધ એવું લડ મા.

ધારાવીની ઝૂંપટપટીમાં શું કામ રહે ?
બંગલો બનાવ આઈલેન્ડ મડ મા!!

તમે ચીંથરે વીંટયું રતન છો એની ના નહી,
કમસે કમ ગમે તે નથ્થું ગેરાને જડ મા.

એક દિવસ ઉચાળા ભરી પૃથ્વી પરથી જજે,
મંદિર-ચર્ચ- મસ્જિદની બબાલમાં પડ મા!

ભરત વૈષ્ણવ.

# ગઢડાની ભક્તરાજ દાદા ખાચર કોલેજ ખાતે વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે વ્યાખ્યાનનુ આયોજન કરાયું

અત્રેની ભક્તરાજ દાદા ખાચર આર્ટસ અને કોમર્સ સરકારી કોલેજ માં ૧૧મી જુલાઈ ×વિશ્વ વસ્તી દિવસ× અંતર્ગત ખાસ વ્યાખ્યાનનું આયોજન કોલેજના અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. ૧૧ મી જુલાઈ સમગ્ર વિશ્વમાં વસ્તી વિષય બાબતો અંગે સમાજને જાગૃત કરવા માટે વિશ્વ વસ્તી દિવસ ઉજવવામાં આવે છે. આથી વિદ્યાર્થીઓ આ બાબતથી વધારે જાગૃત બને, વસ્તી વિષય અન્ય બાબતોને પણ જાણે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમના મુખ્ય વક્તા બોટાદકર કોલેજના અર્થશાસ્ત્ર વિષયના અધ્યપક ડો. જયોતિબહેન વિશ્વકર્મા હતા. તેમને વસ્તી વિશે તમામ બાબતોની જાણકારી પોતાના વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને જણાવી હતી. ખાસ



કરીને વસ્તી વિષ્યાંક લાભો ઉપર તેમને વધારે ભાર મૂક્યો હતો અને આ માટે યુવા શક્તિથી જ દેશનો વિકાસ શક્ય બને છે, એવું જણાવ્યું હતું. કોલેજના આચાર્ય ડોક્ટર સંજેલીયા સાહેબ દ્વારા સ્વાગત પ્રવચન અને પ્રસ્તાવિક વ્યક્તવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જોષી ક્રિષ્નાએ કર્યું હતું. રોજેસરા હેમાક્ષી, ભાયાણી કિંજલ, પરમાર રાબિયા દ્વારા આજના વિષયને અનુરૂપ વિવિધ મુદ્દા ઉપર અંગ્રેજી ભાષામાં પોતાનું વ્યક્તવ્ય આપ્યું હતું. સકોરિય નંદિની અને વસંતસ્વામી વંદના દ્વારા પાવર પોઈન્ટનો ઉપયોગ કરીને વસ્તી વિષયક જાણકારી વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી. કાર્યક્રમનું સંપૂર્ણ માર્ગદર્શન અને આભાર વિધિ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ બી. જે. બોરીચા દ્વારા કરવામાં આવી હતી. અહેવાલ કનુભાઈ ખાચર

# "રાષ્ટ્રીય પેપર બેગ દિવસ" નાં અનુસંધાને "પ્લાસ્ટીક ભગાડો - દેશ બચાવો" "શરમ છોડો - સાથે રાખો થેલો" પ્લાસ્ટીક છોડો- ન કરો દેશ ને મેલો" "આવો વેસ્ટ માંથી બેસ્ટ બનાવીએ

-તા.- ૧૨ જુલાઈ "રાષ્ટ્રીય પેપર બેગ દિવસ" નાં અનુસંધાને "પ્લાસ્ટીક ભગાડો - દેશ બચાવો" "શરમ છોડો - સાથે રાખો થેલો" પ્લાસ્ટીક છોડો- ન કરો દેશ ને મેલો" "આવો વેસ્ટ માંથી બેસ્ટ બનાવીએ, રાષ્ટ્ર ને સર્વશ્રેષ્ઠ બનાવીએ" "વેસ્ટ કાગળ, કાપડ-દોરી, ખાલી બોટલ જેવી અન્ય વેસ્ટ માંથી જુદી જુદી થેલી, બેગ, રમકડાં. સુશોભન ની વસ્તુઓ બનાવવા ની સ્પર્ધા નાં આયોજન કરેલ

"ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજરાત સરકાર), ગાંધીનગર" દ્વારા માન્ય "આર્યભટ્ટ લોકવિજ્ઞાન કેન્દ્ર", ધી વી. સી.




ટેક. હાઈસ્કૂલ રૂમ નં ૨૦૨ મોરબી દ્વારા તા. ૧૨ જુલાઈ "રાષ્ટ્રીય પેપર બેગ દિવસ" નિમિત્તે "પ્લાસ્ટીક ભગાવો- દેશ બચાવો" "શરમ છોડો -સાથે રાખો થેલો" પ્લાસ્ટીક છોડો - ન કરો દેશ ને મેલો" "વેસ્ટ માંથી બેસ્ટ બનાવીએ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકો એ ઘર માં રહેલાં વેસ્ટ કાગળ કે કોઈપણ અન્ય કાપડ, કાગળ માંથી જુદી-જુદી ફુલ, ફુલદાની, બેગ, પર્સ, વગેરે સુશોભનની વસ્તુઓ બનાવવા માટે જરુરી વસ્તુઓ સાથે લાવવાનું હતું આ સ્પર્ધા માં મોરબી ની વિવિધ સ્કૂલો, શિક્ષક મિત્રો તથા વાલીશ્રીઓ એ ભાગ લીધો હતો જેમાં શ્રેષ્ઠ રજુઆત કરનાર સ્પર્ધકો શિક્ષક શ્રી માં પ્રથમ :- રાણીપા ક્રીષ્નાબેન નાગજીભાઈ, શ્રી નિર્મલ વિધાલય મોરબી-વેસ્ટ કપડાં માંથી પર્સ ની બનાવટવાલીશ્રીઓ માં પ્રથમ શ્રેષ્ઠ (૧) સંઘાણી હીનાબેન રજનીશભાઈ ,વેસ્ટ માંથી ફ્રોક ની બનાવટ બાળ વૈજ્ઞાનિકો માં પ્રથમ શ્રેષ્ઠ (૧) સાદરિયા ધ્યાના રવિભાઈ, શ્રી ગ્રીનવેલી ઈન્ટરનેશનલ સ્કૂલ લજાઈ,આકર્ષક તોરણ,ધોરણ-૯ માં પ્રથમ શ્રેષ્ઠ (૧) ગાંગેરા ખુશ્બુબેન લક્ષ્મીશંકર, શ્રીમતી એમ.પી.શેઠ ગલ્સ હાઈસ્કૂલ મોરબી, દિવાલ તોરણ દ્વિતીય શ્રેષ્ઠ (૨) મોરતરિયા સાધનાબેન ડી, શ્રીમતી એમ.પી.શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ મોરબી, બાકસ ની સળી નું ઘરતૃતિય શ્રેષ્ઠ (૩) હળવદિયા શ્રધ્ધાબેન એ. શ્રીમતી એમ.પી.શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ મોરબી, પુઠા નો મહેલધોરણ-૧૦ પ્રથમ શ્રેષ્ઠ (૧) વાઘેલા પાયલબેન અશ્વિનભાઈ, શ્રીમતી એમ.પી શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ મોરબી, ફુલદાની દ્વિતીય શ્રેષ્ઠ (૨) સોલંકી નેહાબેન પી શ્રીમતી એમ.પી શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ મોરબી, ફુલદાની તૃતિય શ્રેષ્ઠ (૩) ઝંઝવાડીયા નંદનબેન પી. શ્રીમતી એમ.પી. શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ મોરબી, પેન્સીલ સ્ટેન્ડ .તેમજ બધાંજ સ્પર્ધકો ને પ્રમાણપત્ર તથા.શ્રેષ્ઠ રજુઆત કરનાર ને સિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરેલ

# હેપીએસ્ટ સોલોગામી મેરેજ એનિવર્સરી ટુ ડિયરેસ્ટ મિસિસ ક્ષમા ટુ યુ!!!શ્રી ચિયર્ય ટુ હર!! હીપ હીપ હુરે!!!

લગ્ન શબ્દ અઢી અક્ષરી શબ્દ છે. પ્રેમ પણ અઢી અક્ષરી શબ્દ છે. ભ્રમ કે ધૃણા અઢી અક્ષરી છે. સની દેઓલ પણ ઢાઈ કિલોના હાથની વાત કરે છે. કબીર કહે છે કે પોથી પઢ પઢ જગ મુઆ પંડિત ભયા ન કેઈ ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોય!!

લગ્ન કરી સુખી થવાના ધખારા અને લવારા સૌના હોય છે .(રાજુ રદી તેનું નિકૃષ્ટ ઉદાહરણ છે. લગ્ન કરવા જન્મ લીધો હોય તેન લગ્નની માળા જપે છે. છેલ્લા પંદર વરસથી પ્રધાનમંત્રી કુંવારા વાંઢાને ઠેકાણે પાડવાની યોજનામાં પચાસ હજાર વાર ફોર્મ ભર્યા છતાં તેનો મેળ પડતો નથી. લગ્નના લવારાનો પ્રારંભ કરેલ ત્યારે ભરચક કેશ હતા અને કેસ- રોકડ હતી. હવે બંને ગણીને સાડા ત્રણ રહી ગઈ છે! હવે તો સિતેર વરસની વિવાહોત્સુક યુવતીને સ્વીકારવાની તૈયારી દર્શાવી છે. કેટલાક મેરેજ બ્યુરો માત્ર અને માત્ર રાજુ રદીને લીધે ત્રણ શિફટમાં ધમધોકાર ચાલે છે!!) ચંદુ ચૌદસે વીસ વરસ તલસ્પર્શી સંશોધન કરીને તેના સંશોધનના તારણો- નિષ્કર્ષ બહાર પાડેલ છે તે મુજબ માત્ર માનવ જાતિમાં જ લગ્નની ગુલામી પ્રથા અમલમાં છે. પરગ્રહવાસી એટલે કે એલિયન પંણ લગ્ન કરતા નથી!!

આપણે ત્યા જાતજાતના લગ્ન પ્રકાર પ્રચલનમાં છે. સૌથી વધુ સંખ્યામાં એરેન્જડ મેરેજ થાય છે. જે જુગારની ભાષામાં બ્લાઈન્ડ ગેમ છે. કેટલાક લોકો તેન ભર્યું નારિયેળ કહે છે. જે મહદ્અંશે મનફેર એટલે કે બગડેલ નીકળે છે. બંને જણને વાતે વાતે વાંકું પડવા છતાં પડ્યું પાનું ( પાનું ભલે બીડ-એક પ્રકારનું લોખંડ એટલે ઢોળનું હોય. કાંસાના વાસણને ધોબો પડતો નથી . કેમ કે પડે એટલે કાચની માફક તૂટી જાય. કાંટમાં ટફન ગ્લાસ આવે છે. પરંતું,કાંસામાં ટફન કાંસું આવે છે કે કેન તેની ખબર નથી!!) લગ્ને બે પૈડા રહેનાર વિમાન અને બળદગાડાને પૈડાંને ચલાવવાની કોંશિષ કરે છે!!

પહેલા જવલ્લે જ જોવા મળતા અને હાલમાં ઉધઈના રાફડાની જેમ ડગલે ને પગલે જોવા મળતા લગ્ન એ પ્રેમ લગ્ન છે. જેમાં અનુલોમ અને પ્રતિલોમ જેવા પૌરાણિક લગ્નના પ્રકાર પણ દ્રશ્યમાન થાય છે. આ લગ્ન તીન પતાની રમતમાં પાના જોયા બાદ રમાય છે. જો કે, સામેના પાત્ર પાસે દુડી તીડી છે કે પાકી રોન તેની ખબર પડતી નથી. આ પ્રકારના લગ્ન ચાઈનીઝ ગુડઝ જેવા છે. ચલે તો ચાંદ તક અને ન ચલે તો શામ તક જેવા મજબુત હોય છે!!!

લગ્ન બે આત્માનું મિલન છે. લગ્નનો જોડા ( કજોડા પણ) ઉપરથી નક્કી થાય છે, પૃથ્વી પર તેની વિધિ થાય છે. સામાન્ય રીતે લગ્નનો લાડું પુરૂષ- મહિલા ખાય છે

આ લગ્નોમાં અપેક્ષાનો બોજ, અવિશ્વાસ, કૌટુંબિક બહિષ્કાર , ઓનર કીલીંગ જેવી અંચઈઓ લગ્નને પતાના મહેલની માફક કડડભૂસ કરી દે છે. તીન પતીમાં સારા પતા ન મળે એટલે ખેલાડી હાજી ફિટઆઉસ કરે છે. તેમ પ્રેમ લગ્નો ખંડિત થાય છે. પ્રેમ લગ્ન કરનાર પાત્રોના ભાઈ બહેનોના લગ્નમાં પ્રેમ લગ્ન કરવાન પાત્રોના લીધે અનેકાનેક બાધા, મુશ્કેલી , વિઘ્નો આવે છે. પ્રેમ લગ્ન કરનાર પાત્રોના સંતાનોને પણ માતાપિતાએ ચાતરેલ ચિલા મુજબ પ્રેમ લગ્ન કરવા પડે છે. નાતમાં તેમનો હાથ કોઈ ઝીલતું નથી!

આ લગ્ન પ્રકારો ઉપરાંત ગાંધર્વ લગ્ન, પિશાચ લગ્ન વગેરે પ્રકારો છે. લેસ્બિયન કે ગે લગ્ન એ આજની અભિનવ સમસ્યા છે. જેને જુનવાણી લોકો સમાજનું ગૂમડું કહે છે!!. ક્યાંક ક્યાંક સ્ત્રી-સ્ત્રી વચ્ચે લેસ્બિયન લગ્ન થાય છે. ક્યાંક ક્યાંક પુરૂષ- પુરૂષ વચ્ચે ગે મેરેજ થાય છે. જેમાં બે પાત્રોમાંથી કોઈ પાત્ર ટ્રાન્સજેડર હોય છે. સ્ત્રી- પુરૂષ સિવાયના લગ્નો હવામાં બાચકા ભરવા જેવા હવાતિયા છે!

તમે ગમે તે પ્રકારે લગ્ન કરો. કોઈ લગ્ન તમને સુખી કરશે તેની કોઈ ગેરેંટી કે વોરંટી આપતું નથી. અલબત, સંપૂર્ણ દુખી થવાની ખાતરી અમારો રાજુ રદી આપે છે. લગ્નમાં અપેક્ષા સામે ઉપેક્ષા, સ્પેસને બદલે સફોગેશન , એકવિધતા એટલે કે મોનોટોનસ બીબાઢાળ જીંદગીને લીધે દામ્પત્ય વેડફાય છે. આપણે ત્યાં ચટ મંગની પટ બ્યાહ એવી કહેવત છે. પરંતુ,ચટ અટંસ પટ ડીવોર્સ એવી કહેવત નથી. તમે લગ્નના બે કે ત્રણ વરસે છૂટાછેડા માટે અરજી કોર્ટમાં ફાઈલ કરી હોય તેનો નિકાલ તમારા લગ્નની સિલ્વર જ્યુબિલી , ગોલ્ડન જ્યુબિલી ,હીરક મહોત્સવ પ્લેટીનમ જ્યુબિલી સુધી અંત આવતો નથી. ઘણીવાર માબાપ અને તેમના છોકરાના છૂટાછેડાના કેસની સુનાવણીની તારીખો એક જ હોય છે, બોલો!!

તમને એમ થાય કે લગ્ન કરીને દુખીને બદલે સુખી થવાનો કોઈ ઉપાય ખરો કે નહીં? પક્ષી જગત અને પ્રાણી જગતમાં લગ્ન પ્રથા નથી. સિંહે સસલી સાથે પ્રેમ લગ્ન કર્યા હોય કે વાઘે વાંદરી સાથે એરેન્જ મેરેજ કર્યા હોય તેવું સાંભળ્યું નથી. કોયલ અને કાબર લેસ્બિયન લગ્ન કરતા નથી. ગધેડો અને ઘોડો સમલૈંગિક લગ્ન કરતા નથી. માણસની જેમ એકપતિત્વ કે એકપત્નીત્વનો જૂઠો દાખડો કે ત્રાગડો પણ પ્રાણી કે પક્ષી જગતમાં નથી! માણસની જેમ પ્રાણી કે પક્ષી જગતમાં બળાત્કાર થતા નથી. સિંહે ગધેડીને દબોચીનં દુષ્કર્મ કર્યુ હોવાનું પશુ પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાયેલ નથી. પોલોગામી પશુ પક્ષી જગતમાં સામાન્ય અને સહજ છે. અહીં કી સ્વેપિંગ જેવું અમામાજિક સામાજિક દૂષણ પણ નથી!!

હવે લગ્નમાં નવો પ્રકાર ઉમેરાઇ રહ્યો છે. લગ્ન કી કહાનીમેં ટવિસ્ટ દિલ થામ કે બેઠો, બરખુદાર. હવે પોતે જ દુલ્હો અને પોતે જ દુલ્હનનો નવો ટ્રેન્ડ શરૂ થવા જઈ રહ્યો છે. પિયર એ જ સાસરૂં . બેનોને સાકરિયાના ત્રાસ, મારકૂટ, દહેજ માંગણી, દેરાણી, જેઠાણી, સાસુ, નણંદ, સસરાના અમાનુષી મુક્તિ મળશે. આ રીતે સ્વજાત સાથે પરિણયની બંધનમાં બંધાવવાની ક્રિયાને સોલોગામી મેરેજ કહેવામાં આવે છે. જેમાં વ્યક્તિને અન્ય પાર્ટનરની જરૂરિયાત રહેતી નથી. તે ખુદ સાથે જ લગ્ન કરી લે છે .ફેમસ પ્રોટોગોનિસ્ટ કૈરી બ્રેડશૉએ જાહેરાત કરી હતી કે તે ખુદ સાથે લગ્ન કરવા જઈ રહી છે. ત્યારબાદ લોકડાઉનમાં આ પ્રકારના મામલાઓમાં ભારે વૃદ્ધિ જોવા મળી છે. આ સોલોગામી લગ્ન ગુજરાતના દરવાજે ટકોરા દઈ રહ્યું હતું .

કેટરીના કૈફનું ગીત 'શીલા કી જવાની' રિલીઝ થયું તે સમયે કોઈએ વિચાર્યું ન હતું કે જેમ શીલાને અન્ય કોઈની જરૂર નથી અને ખુદને પ્રેમ કરે છે તે પ્રકારે નવો ટ્રેન્ડ બની જશે. લોકડાઉન (ન્ષ્ઠાર્ઙ્ઘુંહ)લાગ્યુ ત્યારથી વિદેશોમાં લોકો ખુદ સાથે લગ્ન કરવા લાગ્યા હોવાના કિસ્સા સામે આવવા લાગ્યા હતા. હવે આવું ભારતમાં પણ થઈ રહ્યું છે.

આજથી એક વરસ પહેલા વડોદરાની યુવતીએ પોતાની સાથે લગ્ન (જીક્ષ્ંક દ્બર્ઙ્મિક્ષ્ઠી)કરવાની જાહેરાત કરીને સનસની ઊભી કરી દીધી હતી .ક્ષમા બિંદુ ૧૧ જૂનના રોજ એક સમારોહમાં પોતાની સાથે લગ્ન કરેલ . લગ્નક્ષેત્રે આત્મનિર્ભર કે સ્વાશ્રયી થવાની અભિનવ પહેલને રાજય કે કેન્દ્ર સરકારે પ્રોત્સાહન કે ઉતેજન આપેલ નથી.

એક વરસ પહેલાં ભારતમાં સર્વ પ્રથમ પાર સોલોગામી સ્વસસ્નેહલગ્ન કરનાર ક્ષમા સુખી છે. એક વરસમાં એક વાસણ ખકડયું નથી. કોઈએ ખખડાવી નથી. ઉંચા અવાજે બોલ્યું આભાર - નિહારીકા રવિયા નથી. કેન્ડલ લાઈટ ડિનર પર લઈ જવાનું પ્રોમિસ આપીને પ્રોમિસભંગ થયેલ નથી . ક્ષમાની બર્થ ડે ભૂલાઈ નથી ! ક્ષમા બેડમાં ડાહી બાજુથી ચડી જમણી બાજુ ઉતરી શકે તેવી મોકળાશ. દાળ કાચી રહી હોય કે શાકમાં મીઠું વધુ પડ્યું હોય તો પિયરિયાએ રસોઈ શીખવાડી નથી તેવું મહેણું માર્યું નથી. દૂધ ઉભરાઈ જાય તો કોઈએ વેતા વગરની છે એવો ટોન્ટ માર્યો નથી . સંસારમાં સુખનો સાગર લહેરાઈ રહ્યો છે. જિવનનું નાવ ખુશીના કિનારે લાંગર્યું છે. ક્યાંય બિપોરજોય, કેટરીના, નીલમ કે તાઉતે વાવાઝોડાના અણસાર નથી . ક્ષમા સજીધજીને પબ જાય છે અને પબ્જી ગેમ પણ મોડી રાત સુધી રમે છે. હર રાત સુખ અને સુહાગરાત છે. અખંડ સૌભાગ્યવતી છે!!ક્ષમા સેંથામાં ખુદના નામનું સિંદૂર પૂરી સધવાના તમામ કોડ પૂરા કરે છે.

આપણે ક્ષમાને હેપીએસ્ટ સોલોગામી મેરેજ એનિવરિસરી ટુ યુ ફ્રોમ બોટમ હાર્ટ કહીએ. ક્ષમા સદા સુખી રહે. શમા સદા સુહાગન રહે!!

લગ્ન જીવનમાં દુવિધા નેસ્ત નાબૂદ કરી શત પ્રતિશત સુવિધા, શકુન અને સ્નેહ મેળવવા દરેક કુંવારી કુમારીને એરેન્જ કે લવમેરેજને બદલે સોલેગામી લગ્ન કરવાનું આહ્વાન છે!! અસ્તુ!!
ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




N.O.G. S.S No. – 152
વિષય - પરિવાર
પ્રકાર - પદ્ય ગઝલ
શીર્ષક - તે પરિવાર છે.
શબ્દો - ૮૫
કવિ - દિલીપ ધોળકિયા,"શ્યામ"
જૂનાગઢ.

જ્યાં સ્નેહની સરવાણી,દિલમાં ફૂટે તે પરિવાર છે.
જ્યાં સ્વાર્થ બધા શૂન્ય, બનીને છૂટે તે પરિવાર છે.

એકનું નહિ આપણું, બસ એક જ હો વિભાવના,
ભેગા મળી સૌ નિર્ભેળ, આનંદ લૂટે તે પરિવાર છે.

ભૂલતા નહિ સંબંધો ચાહે,વરસો વીતે મુલાકાતમાં,
વસતા પરદેશ છતાં ઉરે, હેત વછૂટે તે પરિવાર છે.

સંકટ આવે ત્યાં હાથ બધા, ભેગા મળી મુઠ્ઠી બને,
એકના દુઃખે બધા દુઃખી, થઈને તૂટે તે પરિવાર છે.

વાત હો વિકાસની કે પછી, અસ્તિત્વના બચાવની,
સંપ કાજે એક થઈ સૌ,સામટા જૂટે તે પરિવાર છે.

દિલીપ ધોળકિયા,"શ્યામ"જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: NOG SS NO:153
વિષયઃ "પરિવાર" શીર્ષકઃ"મારાં પરિવાર ની રેલગાડી"
પ્રકારઃગધ્ય. શબ્દોઃ ૨૦૩
લેખક નું નામઃ જિતેન્દ્ર શાહ.

મારાં પરિવાર ની રેલગાડીઃ મારી મા એ મને ચાંદ દેખાડ્યો અને તારાં ને ગણતાં શીખવાડ્યું. મારાં પિતા એ મને સૂરજ દેખાડ્યો અને પરિવાર માં અજવાળું કેમ પાથરવું તે શીખવ્યું. મારાં દાદા એ મારાં હાથ માં ગેસ નો ફુગ્ગો આપી ને તેને ઉડાડ્યો અને શીખવ્યું કે બહું હવા માં ઊડીશ તો ઘરે પાછો નહીં આવીશ. દાદી એ રોજ મને ભાવતું ભોજન જમાડી ને શીખવ્યું કે પ્રેમ નો રસ્તો પેટ માં થી નીકળે છે. કાકા એ સાચાં અને ખોટાં માણસ ને ઓળખતાં શીખવ્યું. કાકી એ કાર્ય કરવાં ની કાર્યક્ષમતાં ને આળસ નો ડિફરન્સ સમજાવ્યો. બે મા ભેગી થાય એટલે મામા થાય તે મારાં મામા એ શીખવ્યું. મામી એ બનેલ ભોજન કે નાસ્તો ઉમળકાં થી અને ઉભરકાં થી કેમ પીરસવો તે શીખવ્યું.મારાં ભાઈ-બહેને સાથે હળીમળી ને કેમ રહેવું તે શીખવ્યું. મારી પત્ની એ સંસાર ની ગાડી ચલાવતાં હોવ તો બ્રેક ક્યારે મારવી ને એક્સીલેટર ક્યારે વધારવું તે શીખવ્યું.મારાં દિકરાં એ બાપ ની ઈચ્છાં પુરી કરી બાપ થી સવાયો બની ને બતાવ્યું. દિકરાં ની વહુ એ શિખવ્યું કે સપોર્ટ વગર કોઈ વ્યકિત હિમાલય ચડી ના શકે.મારી દિકરી એ બાપ મન માં વિચારે તે પહેલાં કાર્ય પાર પાડી ને બતાવ્યું.અંતે મારાં વડદાદા એ શિખવેલ વિચાર યાદ કરું છું કે "હમેશાં રવિવાર પરિવાર સાથે ઉજવો."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: NOG SS No: 151
વિષય - પરિવાર.
પ્રકાર - પદ્ય (ગઝલ)
શીર્ષક - કેળવવી પડે છે.

સંયુક્ત કુટુંબની ભાવના કેળવવી પડે છે,
સસ્નેહે પરિવારની ખેવના કેળવવી પડે છે.

સહિષ્ણુતા કેળવી એકબીજાનો સાથ આપો,
મુસીબત વખતે સમય સૂચક્તા કેળવવી પડે છે.

નિખાલસને સાદગીથી ભરેલું જીવન સરલ છે,
મનોબળ મક્કમ કરી સાદગી કેળવવી પડે છે.

મજા ને આનંદ તો જિંદગીમાં સૌને ગમે છે,
સરોવરની જેમ નિર્મળતા કેળવવી પડે છે.

પ્રભુએ અણમોલને ખૂબ સુંદર જીવન બક્ષ્યું છે,
પવિત્ર મનથી જીવવા લાગણી કેળવવી પડે છે.

અનિલ દવે. ("અનુ")

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No.0059
વિષયઃ શબ્દ પરિવાર
શીર્ષક; પ્રગતિ કે અધોગતી ?
શબ્દોઃ ૩૨૫
શ્ર?જયકાન્ત ઘેલાણી 'પ્યારે'.

આપણી ગુજરાતી ભાષાની કહેવત,
★ઊટના અઢારે અંગવાંકા?★

ભલે અંગ વાંકા પણ રેતીના રણમાં તેનું કામ બેજોડ ને અમૂલ્ય ખરુને !
આમતો આપણી ગુજરાતી લીપી ના દરેક અક્ષરો મરોડદાર તો ખરાજ !
જરા ચેક કરો,આપણો, પરિવાર★ શબ્દ, ચારે ચાર અક્ષરો ટેઢા (વાંકા) તો ખરા, પણ અર્થ કેટલો કિમતી ? પાસાદાર હિરાથી પણ કિમતી ! દરેક વ્યકિત તેને માણવા ઝંખે !
આ છે જાદૂઈ શબ્દ પરિવાર નો દબ દબો !

ચાલીસ પચાસ વર્ષો પહેલા દિકરીના મા બાપ પોતાની દિકરી મોટા પરિવારમા આપવા ઈચ્છતા,કારણ સંયૂક્ત પરિવારમા સૂખ- દૂઃખ મા બધા સચવાઈ જતા,જ્યારે આજની ભૌતિક ધન ની દોડે પરિવાર શબ્દ ની વિશાળ કમર તોડી નાખીછે, જો કે એમાં મોટોભાગ આજના માનવની ઘટી ગયેલ સહનશીલતા જ વધૂ જવાબદારછે, કેમખરૂને ?

આજે જ્યારે કોઈને એક રસોડે પંદર વીસ માણસોને જમતા જોવા હોયતો ? ★ગુગલ★ ની મદદ લેવી પડે, અને તેમા પણ ખાતરી નહીં,તેવી હાલત થઈ છે! પ્યારે ,એક સોનેરી સમય હતો
જ્યારે દરેક રસોડે વીસ- પચીસ માણસો સાથે રહેતા અને જમતા, સૌ સહેલાઈથી જોઈ શકતા.

ખેર ! સમય પરિવર્તનશીલ છે, સમય ને સંજોગોને આધીન દરેકે થવું જરૂરી બનેછે.
હાં, આજનો માણસ, ક્લબ,
ગૃપ કે સોસાયટીમાં પોતાના માનવ માનવ ના મળવાના અધુરા સ્વપ્નો નો આનંદ માણવાના ફીફા ખાંડી રહયોછે.

આપણી વસુધૈવ કુટુંબકમ ની વિશાળતા ઉજાગર કરતી સમજણભરી સંયૂક્ત પરિવારની પરિભાષા આજે બદલાઈ ચૂકીછે, અને આવી ગઈછે સંકુચીત
વિભાજીત પરિવારજન ની પ્રથા !

હુતો અને હુતી ની સંકુચિત ભાવના ! આ પ્રથા શૂ સૂચવેછે ,
આને આપણે શૂ કહીશું ?
★પ્રગતિ કે અધોગતી !★

NOG SS No: 120
પ્રકારઃ પદ્ય (અછાંદસ)
વિષય : પરિવાર
શીર્ષક : મારો પરિવાર
શબ્દો : ૧૪૩

નામ : ડૉ રમીલા ડી મકવાણા ★રમા★
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

★મારો પરિવાર★

જેની સાથે રહેવાનું થાય એ મારો પરિવાર,
જેની સાથે નાતો જોડાય એ મારો પરિવાર.
માતા-પિતાની સાથે ભાવંડ એ મારો પરિવાર,
પડોશમાં આત્મિયતાથી રહો એ મારો પરિવાર.
સહિયારું સાથે રહેતા હોય એ મારો પરિવાર,
એકબીજાનાં મન મળેલા હોય એ મારો પરિવાર.
એકબીજા ભાઈચારાથી રહો એ મારો પરિવાર,
સૌ સંગાથે જીવ મળેલા હોય એ મારો પરિવાર.
મારું ગામ એવી ભાવના રાખે એ મારો પરિવાર,
દેશ-દુનિયામાં શાંતિથી જીવે એ મારો પરિવાર.
ગામમાં સૌ હળી મળીને રહે એ મારો પરિવાર,
કોઈની સાથે વેરઝેર ન રાખો એ મારો પરિવાર.
સંયુક્ત કુટુંબમાં રહેતા હોય એ મારો પરિવાર,
શેરી- મહોલ્લામાં રહેતા હોય એ મારો પરિવાર.
બધા સાથે માનવતા મહેકાવો એ મારો પરિવાર,
શુધ્ધ ભાવનાનું સમૂહજીવન એ મારો પરિવાર.
સંતાનો સાથે સુખમય રહો એ મારો પરિવાર,
કોઈ ભેદભાવ ઉભા ન કરો એ મારો ઠપરિવાર
જે ક્ષેત્રમાં સંપથી રહેતા હોય એ મારો પરિવાર,
★રમા★ કહે શાળાનાં બાળકો-શિક્ષકો મારો પરિવાર

# એમસીએક્સ પર સોનુ, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સંકડાઈ ગયેલી વધઘટઃ ચાંદીના વાયદામાં સુધારો

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૬૯,૪૧૬ સોદાઓમાં કુલ રૂ.૨૩,૭૭૮.૦૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૩૭૧.૫૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૮૩૯૮.૬૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૩૫,૩૦૩ સોદાઓમાં રૂ.૩,૧૮૮.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૯૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૯૧૫ અને નીચામાં રૂ.૫૮,૭૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮ ઘટી રૂ.૫૮,૭૪૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૮ ઘટી રૂ.૪૭,૫૮૪ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩ ઘટી રૂ.૫,૮૭૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧ ઘટી રૂ.૫૮,૭૦૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૪૨૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૪૯૮ અને નીચામાં રૂ.૭૧,૧૫૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨૪ વધી રૂ.૭૧,૨૪૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૨૦ વધી રૂ.૭૧,૨૮૯ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૦૮ વધી રૂ.૭૧,૩૧૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૦૪૦ સોદાઓમાં રૂ.,૯૦૬.૨૩ કરોડના વેપાર થયા હતા. તાંબુ જુલાઈ વાયદો રૂ.૭૨૦ના ભાવે ખૂલી, રૂ.૧.૫૦ વધી રૂ.૭૨૦ જ્યારે એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૦ વધી રૂ.૧૯૭.૩૫ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૨૧૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૬૫ વધી રૂ.૧૯૭.૩૫ સીસુ-મિની જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ વધી રૂ.૧૮૨ જસત-મિની જુલાઈ વાયદો રૂ.૦.૪૦ ઘટી રૂ.૨૧૩.૯૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૧,૩૩૫ સોદાઓમાં રૂ.૧,૨૬૬.૪૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૧૬૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૧૯૪ અને નીચામાં રૂ.૬,૧૪૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮ વધી રૂ.૬,૧૬૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૯ વધી રૂ.૬,૧૬૭ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨૬ના ભાવે ખૂલી, રૂ.૨.૧૦ ઘટી રૂ.૨૨૨.૯૦ અને નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૨.૨ ઘટી ૨૨૩.૧ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૦.૪૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૧૦૦ અને નીચામાં રૂ.૫૬,૫૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૦ ઘટી રૂ.૫૬,૬૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૪૦ ઘટી રૂ.૮૮૮.૨૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૩૯.૦૭ કરોડનાં ૩,૧૨૪.૪૩૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૩૪૯.૩૯ કરોડનાં ૧૮૮.૯૭૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૬૦૧.૦૩ કરોડનાં ૯૭૪,૩૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૬૫.૪૧ કરોડનાં ૨૯,૭૩૦,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૮૫.૪૦ કરોડનાં ૪,૩૩૪ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૫૫.૭૩ કરોડનાં ૩,૦૬૧ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૧૫.૭૬ કરોડનાં ૭,૧૫૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૪૯.૩૪ કરોડનાં ૧૧,૬૫૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૬ કરોડનાં ૧,૦૫૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૪.૪૪ કરોડનાં ૪૯.૬૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૧૭૬.૨૮૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૪૧.૪૨૫ ટન, તાંબાના વાયદાઓમાં ૧૬,૭૨૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૪,૩૬૫ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૦૨૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૭,૪૩૮ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૪૭૯,૧૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩૭,૮૨૯,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૮,૨૪૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૪૦.૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૭.૮૪ કરોડનાં ૯૯ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૨૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૫,૮૪૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૮૫૩ અને નીચામાં ૧૫,૮૦૮ બોલાઈ, ૪૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬ પોઈન્ટ ઘટી ૧૫,૮૧૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૮૩૯૮.૬૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪૮૨.૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૪૧.૯૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૦૭૧.૨૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૯૪.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૮૩.૪૦ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૦.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૦૪ અને નીચામાં રૂ.૮૩.૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬.૩૦ વધી રૂ.૯૪.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૯.૩૫ અને નીચામાં રૂ.૭.૦૫ રહી, અંતે રૂ.૦.૮૫ ઘટી રૂ.૭.૨૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૦૨ અને નીચામાં રૂ.૩૩૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૦ કોઈ ફેરફાર વગર રૂ.૩૫૩ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૬ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૦ અને નીચામાં રૂ.૩૩૮.૫૦ રહી, અંતે રૂ.૧૧.૫૦ વધી રૂ.૩૫૦.૫૦ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૦૯૦ના ભાવે ખૂલી, રૂ.૪૫ વધી રૂ.૨,૦૪૦.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૦૩૫ના ભાવે ખૂલી, રૂ.૫૧

આભાર - નિહારીકા રવિયા વધી રૂ.૧,૯૮૨.૫૦ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૧૭ ઘટી રૂ.૮.૧૬ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૮૨.૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૦.૧૦ અને નીચામાં રૂ.૭૩.૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨.૩૦ ઘટી રૂ.૮૪.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૯ અને નીચામાં રૂ.૭.૪૦ રહી, અંતે રૂ.૦.૯૦ વધી રૂ.૮.૮૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૦ અને નીચામાં રૂ.૧૫૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯.૫૦ વધી રૂ.૧૮૭.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૭.૫૦ અને નીચામાં રૂ.૧૫૪ રહી, અંતે રૂ.૮.૫૦ વધી રૂ.૧૯૧ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૫૩ના ભાવે ખૂલી, રૂ.૩૮ ઘટી રૂ.૧,૩૫૯.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૭૩.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૯.૫૦ ઘટી રૂ.૧,૨૭૨ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૧૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૬૦ વધી રૂ.૪.૫૨ થયો હતો.

# ચાણસ્મા પોલિસ ના રાજ મા બુટલેગરો બન્યા બેફામ .દેલમાલ ગામે બે બહેનો સાથે ધોલધપાટ

ગાંધીજી ના ગુજરાત મા દારૂબંધી માત્ર ને માત્ર કાગળ પર જ હોય તેમ ચાણસ્મા પંથક મા પોલિસ ના પત્રમ પુષ્પમ વ્યવહાર તેમજ ચાણસ્મા પોલિસ ની રહેમ નજર હેઠળ બુટ્લેગરો તેમજ દારૂ પીને છાટકા બનેલા દારૂડીયા બેફામ બની બહેન દીકરી ઓની છેડતી તેમજ મારા મારી કરતા સહેજ પણ અટકાતા નથી ત્યારે આવો જ એક કિસ્સો ચાણસ્મા ના દેલમાલ ગામે ગાયો ચરાવી આવી રહેલી બે બહેનો સાથે ગામનાજ બુટલેગર દ્વારા દારૂ પીને આંતરીને વાળ પકડીને બરડાના ભાગે થાપટ મારતા પાટણ ખાતે એસપી સાહેબને આવેદનપત્ર આપવા ગયા હતા પરંતુ એસ પી સાહેબ બહાર હોવાના કારણે એસ. પી ના સૂચન અનુસાર પાટણ એલ.આઈ.બી પી. આઈ ને આવેદન પત્ર આપવામાં આવ્યું હતુ

ચાણસ્મા તાલુકાના દેલમાલ ગામે રહેતા જેઠી અવની બેન ઉમેશ ભાઈ તેમજ જેઠી ફાલ્ગુનીબેન લક્ષ્મણ ભાઈ ગાયો ચરાવીને પોતાના ઘરે આવી રહ્યા હતા તે દરમિયાન ગામના જ બુટલેગર મુકેશજી ગાંડાજી તેમજ તેમનો દિકરો ઠાકોર દિપક જી મૂકે શજી દારૂ પીને ઈક્કો ગાડીમા આવી બન્ને બહેનોને વાળ ખેંચી બરડાના ભાગે ધોલધપાટ કરતા તેમની દીકરીઓએ ઘરે ફોન કરતા ઉમેશ ભાઈ જેઠી તેમ જ લક્ષ્મણભાઈ જેઠી ત્યા ગયા હતા ત્યારે ઉપરોક્ત ઈસમો દ્વારા તેમની સામે પણ જીવલેણ હુમલો કરતા તેઓ ગભરાઈ ગયા હતા અને પાટણ એસ.પી કચેરી ખાતે આવેદન પત્ર આપવા પહોચ્યા હતા ત્યારે અગમ્ય કારોસર એસ.પી હાજર ન હોઈ તેમની સુચના અનુસાર એલ.આઈ.બી.પી. આઈ.ને આવેદન પત્ર આવી તેઓની સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી હતી

કયા કારણોસર દેલમાલ ના આ પરિવારને ચાણસ્મા પોલીસ સ્ટેશન ની જગ્યાએ પાટણના એસપી સાહેબને આવેદનપત્ર આપવા અને અરજી કરવા માટે જવું પડ્યું ?

કઈ સમજાતું નથી

રિપોર્ટર-નિખીલ જોષી પાટણ બ્યુરો

### દેશના નાગરિકોના જીવનને સ્પર્શતા મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિતના મુદ્દાઓ-પ્રશ્નો માટે

# કોંગ્રેસ પક્ષ દ્વારા સમગ્ર દેશમાં ''મૌન સત્યાગ્રહ''નું કાર્યક્રમના ભાગરૂપે અમદાવાદ ખાતે ગાંધી આશ્રમ સામે ગાંધી ચિંધ્યા માર્ગે ''મૌન સત્યાગ્રહ'' યોજવામાં આવ્યો




સામાન્ય, મધ્યમવર્ગ અને દેશના નાગરિકોના જીવનને સ્પર્શતા મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિતના મુદ્દાઓ-પ્રશ્નો માટે સતત લડતા આદરણીયશ્રી રાહુલ ગાંધીજી પર રાજકીય દ્વેષભાવ રાખી તેમના અવાજને દબાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા સમગ્ર દેશમાં ''મૌન સત્યાગ્રહ''નું કાર્યક્રમના ભાગરૂપે અમદાવાદ ખાતે ગાંધી આશ્રમ સામે ગાંધી ચિંધ્યા માર્ગે ''મૌન સત્યાગ્રહ'' યોજવામાં આવ્યો હતો. દ્વેષભાવની ભાજપની રાજનીતિ પર આકરા પ્રહાર કરતા રાજયસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આદરણીયશ્રી રાહુલ ગાંધીજી જનનેતા તરીકે રાષ્ટ્ર હિતમાં ભારતના ખેડૂતો, યુવાનો, શ્રમિકો, નાના ઉદ્યોગકાર-વેપારીઓ માટે સતત અવાજ ઉઠાવે છે. જે ભાજપને મંજુર નથી. શ્રી રાહુલ ગાંધીએ ક્યારેય પણ કોઈ જ્ઞાતિ, સમાજ કે ધર્મનો અપમાન કર્યું નથી. તે હંમેશા તેમને માન-સન્માન આપ્યું છે. શ્રી રાહુલ ગાંધી પ્રજાહિત માટે કામ કરે છે જયારે બીજી તરફ મુઠ્ઠીભર લોકો માટે દેશ લુટાવાઈ રહ્યો છે. દેશના નાગરિકોના પરસેવાના કરોડો રૂપિયા ચાંઉ કરીને નિરવ મોદી, લલીત મોદી, મેહુલ ચોક્સી સહિતના ચોરોએ લુંટ ચલાવી છે. શ્રી રાહુલ ગાંધી વારંવાર કહે છે કે મને જેલમાં પુરી દો, સંસદ સભ્યપદ રદ કરી દો, ઘર લઈ લો, તો પણ હું સત્ય બોલતો જ રહીશ. આજે પુજય મહાત્મા ગાંધીના આશ્રમ સામે આદરણીય રાહુલ ગાંધીજીના સમર્થનમાં અમે સૌ ધરણાં ઉપર બેઠા છીએ ત્યારે કોંગ્રેસ પક્ષનો દરેક કાર્યકર આદરણીય રાહુલ ગાંધીજીના સમર્થનમાં ઉભો છે.

ઐતિહાસિક ગાંધી આશ્રમ પાસે આદરણીય રાહુલ ગાંધીજીના સમર્થનમાં આયોજીત ''મૌન સત્યાગ્રહ'' વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ હાઈકોર્ટના આદેશને સુપ્રિમકોર્ટમાં પડકારશે. દરેક ભારતીયના કલ્યાણ માટે અમારી પ્રતિબધ્ધતા સ્પષ્ટ છે. પછી ભલે ભાજપ અમારી સામે કોઈપણ રણનીતિ અપનાવે, ભારતમાં આવી ફાંસીવાદી શક્તિઓ વધુ લાંબા સમય સુધી ચાલી શકશે નહીં. આદરણીય રાહુલ ગાંધીને ખોટી અને બદલાની ભાવનાથી કરવામાં આવેલી ગેરલાયકાતથી સમગ્ર દેશમાં આજે ખુબ આક્રોશ છે.

ગાંધી આશ્રમ સામે આદરણીય રાહુલ ગાંધીજીના સમર્થનમાં આયોજીત ''મૌન સત્યાગ્રહ'' માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થ પટેલ, વરિષ્ઠ નેતાશ્રી મધુસુદન મિસ્ત્રી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, રાજય સભા સાંસદશ્રી અમી યાજ્ઞિક, એ.આઈ.સી.સી. મંત્રીશ્રી ઉષાબેન નાયડુ, શ્રી રામકિશન ઓઝા, શ્રી બી.એમ. સંદિપ, શ્રી નિલેશ પટેલ, કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ઉપપ્રમુખ ડૉ. જીતુભાઈ પટેલ, શ્રી બિમલ શાહ, ડૉ. વિજય દવે, શ્રી નીશિત વ્યાસ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી હિરેન બેંકર, શ્રી પાર્થીવરાજસિંહ કઠવાડીયા, શ્રી અમિત નાયક, શ્રી રત્નાબેન વોરા, યુથ કોંગ્રેસ પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, એન.એસ.યુ.આઈ. પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકી, ધારાસભ્યશ્રી ગેનીબેન ઠાકોર, શ્રી સી.જે. ચાવડા, શ્રી ઈમરાન ખેડાવાલા, વરિષ્ઠ નેતા ડૉ. કનુભાઈ કલસરીયા, પૂર્વ ધારાસભ્યશ્રી પુંજાભાઈ વંશ, શ્રી કનુભાઈ બારૈયા, ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા, શ્રી વિરજીભાઈ ઠુંમર, શ્રી ચંદ્રિકાબેન બારીયા, શ્રી આનંદ ચૌધરી, શ્રી મોહંમદ પીરઝાદા, શ્રી ગ્યાસુદીન શેખ, અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખશ્રી નિરવ બક્ષી, અમદાવાદ મ્યુનિ. કોર્પો. નેતાશ્રી શેહઝાદખાન પઠાણ સહિત સમગ્ર રાજયમાંથી મોટી સંખ્યામાં પ્રદેશ અને જીલ્લાના પદાધિકારીઓ, કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.




ભારતીય જનતા પાર્ટી ની કેન્દ્રીય નેતાગીરી દ્વારા મત બેંક ની સમીક્ષા કરીને જ્ઞાતિય સમીકરણ પ્રમાણે ગુજરાત રાજ્યસભા ના બે ઉમેદવારો ના નામ નક્કી કરવામાં આવ્યા હતા..જેમાં કામરેજ ના પૂર્વ ધારાસભ્ય બાબુભાઇ જેસિંગભાઈ દેસાઈ અને કુવાડવા ના કેસરિદેવસિહ ઝાલા એમ એક રબારી અને બીજા ક્ષત્રિય ઉમેદવાર તરીકે ગઈકાલે ગુજરાત ના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ,ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને મંત્રી મંડળ તેમજ સંગઠન ના નેતાઓ ની હાજરી માં વિધાનસભા ભવન ખાતે ઉમેદવારી પત્રક ફોર્મ ભર્યા હતા....ગુજરાત સંગઠન માં ચર્ચાતા તમામ નામ માંથી કોઈ જ નામ સિલેક્ટ કરવામાં આવ્યું નહોતું અને જેના નામ ચર્ચામાં નહોતા તેવા બે નામ ઉપર કેન્દ્રીય સંગઠન દ્વારા મહોર મારવામાં આવી હતી જેને સમગ્ર ગુજરાત ના ભાજપ સંગઠન દ્વારા સ્વીકૃત કરીને,કોઈપણ વિરોધ,વિખવાદ વિના પાર્ટી ની શિસ્ત ની સર્વે ને ઓળખ કરાવી હતી.




માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબે ભારત સરકાર હેઠળની ભારતીય ઓડિટ અને એકાઉન્ટ્સ વિભાગના અધિકારીઓ માટે ઓફિસ તેમજ આવાસ સંકુલનું ભૂમિપૂજન અને શિલાન્યાસ સેક્ટર ૧૦ ગાંધીનગર ખાતે કર્યું. આ કાર્યથી રાજય સરકાર સાથે ઓડિટ અને એકાઉન્ટ વિભાગમાં સંકલન ઝડપી અને સરળ બનશે. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી જાહેર હિતમાં સત્યને સમર્પિત ભારતની સર્વોચ્ચ ઓડિટ સંસ્થાને અભિનંદન પાઠવ્યા. આ દરમિયાન ભારતના ઓડિટર જનરલશ્રી ગીરીશચંદ્ર મુર્મુ જી, ગુજરાત સરકારના ચીફ સેક્રેટરીશ્રી રાજકુમાર જી તેમજ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# અનેક પડકારરૂપ ભૂમિકામા ચાર ચાંદ લગાવનાર સુરતી મહાન દિગ્ગજ કલાકાર સંજીવકુમાર



૯મી જુલાઈ ૧૯૩૮ ના રોજ સુરતના ગળેમંડી વિસ્તારમાં જન્મેલા હરિહર જેઠાભાઈ જરીવાલા સુરત સહિત આખા ગુજરાતનું નામ રોશન કરશે એવી તો કોઈને ખબર ક્યાંથી હોય

સુરતના હરિભાઈ મુંબઈ જઈ સંજીવકુમાર બની ગયા સંજીવે ૨૫ વરસની ફિલ્મી કારકિર્દીમા તમામ ભૂમિકાને બરાબર ન્યાય આપ્યો હતો સંજીવે અનેક પડકારરૂપ ભૂમિકા ભજવી હતી ખાસ કરીને ગંભીર રોમેન્ટિક હાસ્ય ભૂમિકાઓમાં વધુ પસઁદ કરવામાં આવ્યા હતા સંજીવકુમારનું નામ સુલક્ષણા પંડિત અને હેમામાલિની સાથે ચર્ચાયું હતું પણ સંજીવ આજીવન કુંવારા રહ્યા હતા.

સંજીવે જી. પી સિપ્પીની શોલેમા ઠાકુર બલદેવસિંઘનું યાદગાર પાત્ર ભજવ્યું હતું મુજે ગબ્બર ચાહીએ વો ભી જિંદા આજે પણ સિનેરસીકો યાદ કરે છે સંજીવે મહાન ડાયરેક્ટર સત્યજીત રે ની ફિલ્મ શતરજ કે ખેલાડીમા પણ અગત્યની ભૂમિકામાં ભજવી હતી નયા દીન નઈ રાત નામની ફીલમમાં ૯ અલગ અલગ ભૂમિકાઓ ભજવી હતી ગુલજારની નમકીન કોશિશ આંધી મોસમ અંગુર જેવી ફિલ્મોમાં યાદગાર રોલ કર્યા હતા સંજીવને દસ્તક અને કોશિશ માટે નેશનલ એવોર્ડ પણ મળ્યા હતા

સંજીવની નોંધપાત્ર ફિલ્મમાં દસ્તક પરિચય રાજા ઓર રંક સીતા ઓર ગીતા શોલે ખિલોના ત્રિશુલ ખુદાર અનુભવ પરિચય મોસમ શતરંજ કે ખેલાડી આલાપ સત્યકામ જાની દુશ્મન નમકીન વિગેરે ગણી શકાય ૧૯૬૫ ની હમ હિન્દુસ્તાનથી બૉલીવુડમા પ્રવેશ કરનાર સંજીવની પહેલી ફિલ્મ ૧૯૬૮ ની નિશાંત હતી પણ સંજીવને ખરી ઓળખ ખિલોના ફિલ્મથી મળી

સંજીવ એક જ કલાકાર એવા હતા જે સામે ચાલીને પડકારરૂપ ભૂમિકા માંગતા હતા સંજીવ સુપરસ્ટાર અભિતાભ દિલીપકુમાર શમ્મી કપૂર જીતેન્દ્ર સાથે કામ કર્યું હતું સંજીવે મોટી ઉંમરના પાત્રો ભજવી એ પાત્રોને અમર કરી દીધા.

સંજીવની ગણના બૉલીવુડના સાત સર્વકાલીન મહાન અભિનેતાઓમાં થાય છે

સંજીવ કોમેડી વિલન હીરો ચરિત્ર અભિનેતા બધા જ રોલમાં જાન રેડી લેતા હતા

સંજીવને ગુજરાતી નાટક કોઈનો લાડકવાયો માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ પણ મળ્યો હતો

સુરતમાં સંજીવને નામે એક હોલ પણ છે જેનું ઉદઘાટન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું. મોદી એ વખતે ગુજરાતના મુખ્યમંત્રી હતા સંજીવના નામે સુરતમાં એક રસ્તો પણ છે સંજીવ કુમાર ફાઉન્ડેશન નામે સેવાભાવી ટ્રસ્ટ પણ ચાલે છે જે બાળકોના શિક્ષણ આરોગ્યમા સંસ્કાર અને પોષણ આપવાનું કામ કરે છે ૨૦૧૫ થી સુરત મહાનગર પાલિકા દર વરસે સંજીવ કુમાર નાટ્ય સ્પર્ધાનું આયોજન કરે છે સુરતના આ મુઠ્ઠી ઉંચેરા મહાન ખેલદીલ ઉમદા કલાકારને કોટી કોટી વંદન

અબ્બાસભાઈ કૌકાવાલા

# દાંતા તાલુકાના રંગપુર ગામે ધામણી નદીમાં સોમવારે તણાયેલા પિતા પુત્રની લાશ આજે મળી, SDRF ની ટીમે ભારે શોધખોળ બાદ નદીમાંથી લાશ બહાર કાઢી



બનાસકાંઠા જિલ્લામાં આવેલા દાંતા તાલુકામાં હાલમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી મેઘમહેર યથાવત છે. ચોમાસાની શરૂઆતમાં વરસાદ આવે તો મેઘ મહેર તરીકે ખેડૂતોમાં અને લોકોમાં ભારે ખુશી જોવા મળતી હોય છે તો બીજી તરફ ભારે વરસાદ આવવાથી ઘણી વખત મેઘ કહેર પણ થવાના લીધે ખેડૂતોને નુકસાન થવાનો વારો આવતો હોય છે અને ક્યારેક લોકોના જીવ પણ જતા હોય છે. દાંતા તાલુકામાં આવો ગોઝારો બનાવ સોમવારે બપોરે બન્યો હતો. દાંતા તાલુકામાં આવેલા રંગપુર ગામે ધામણી નદી માં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે પુષ્કળ પ્રમાણમાં પાણી આવ્યું હતું. આ નદી મા સોમવારે બપોરે રંગપુર ગામના કિશનજી ઠાકોર ધામણી નદી માંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેઓ અચાનક તણાવવા લાગ્યા હતા આ ઘટના જોઈ નહી તેમના પિતા ભલાજી ઠાકોર તાત્કાલિક કંઈ પણ વિચાર્યા વિના નદીમાં કૂદી પડ્યા હતા ત્યારે ભારે પ્રવાહને પગલે બંને પિતા પુત્ર તણાવવા લાગ્યા હતા આ ઘટનાની જાણકારી મળતા ગ્રામજનો તાત્કાલિક ધામણી નદી ઉપર એકઠા થયા હતા અને ત્યારબાદ વહીવટી તંત્ર અને પોલીસ તંત્રને જાણ કરવામાં આવી હતી. દાંતા તાલુકાના રંગપુર ગામે બનેલી ઘટનાને પગલે સમગ્ર જિલ્લામાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ગરીબ પરિવારે પિતા પુત્રને એક સાથે ગુમાવ્યા છે. પિતા પુત્રના એકસાથે મોત થતાં ઘર ઉપર મોટી આફત આવી ગઈ છે.

રંગપુર ગામના ગ્રામજનો દ્વારા દાતા મામલતદાર અને પોલીસને જાણ કરાયા બાદ પોલીસ અને વહીવટી તંત્રની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને તરવૈયાઓ દ્વારા નદીમાંથી પિતા પુત્રની લાશ બહાર કાઢવા માટે ટીમ બનાવી હતી પણ લાશ બહાર ન આવતા તંત્ર દ્વારા દાંતીવાડા ખાતેથી એસડી આર એફ ની ટીમ બોલાવવામાં આવી હતી આ ટીમ દ્વારા સોમવારે સાંજે તારીખ શોધખોળ કરવામાં આવી હતી પણ પિતા પુત્રની લાશ મળી હતી નહીં ત્યારબાદ મંગળવારે સવારે ફરીથી એસડીઆરએફ ની ટીમ ના સભ્યો ધામણી નદીમાં પિતા પુત્રની લાશ કાઢવા માટે નદીમાં ઉતર્યા હતા. સવારે પિતાની લાશ મળી આવી હતી ત્યારબાદ ભારે શોધખોળ કર્યા બાદ નદીના અલગ અલગ વિસ્તારોમાંથી તપાસ કર્યા બાદ પુત્રની લાશ પણ મળી આવી હતી. રંગપુર ગામના રહેવાસી ભલાજી ઠાકોર અને તેમના પુત્રની લાશ ઘરે આવતા કરુણ દ્રશ્યો સર્જાયા હતા. પુત્ર કિશન ઠાકોરના ઘરે ત્રણ વર્ષની દીકરી છે અને સાત મહિનાનો છોકરો છે. ઘરની સ્થિતિ પણ ઘર જોતા ખૂબ જ દયનીય લાગી રહી છે. પિતા પુત્રના મોત થતાં ગ્રામજનો દ્વારા અને પરિવારજનો દ્વારા સરકાર પાસે રાહતની માંગણી કરવામાં આવી રહી છે. મૃતક પુત્ર કિશન ઠાકોર ની પત્ની હાથમાં પોતાના નાના છોકરા છોકરીને લઈને ખૂબ જ દયનીય હાલતમાં જોવા મળી રહી છે.

# માર્ગ-મકાન વિભાગની કામગીરી વધુ અસરકારક- સમયબદ્ધ તથા ગુણવત્તાયુક્ત બનાવવા શ્રેણીબદ્ધ મહત્વપૂર્ણ નિર્ણયો કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયનાં સર્વગ્રાહી વિકાસની ધોરી નસ સમાન માર્ગ-મકાન વિભાગની કામગીરીને વધુ વ્યાપક, અસરકારક અને ગુણવત્તાયુક્ત બનાવવાની પહેલ રૂપે શ્રેણીબદ્ધ મહત્વના નિર્ણયો કર્યા છે.ગુજરાતે વેપાર ઉદ્યોગ ક્ષેત્રે દેશ વિદેશમાંથી મૂડી રોકાણો મેળવીને ઉદ્યોગ ક્ષેત્રે અપ્રતિમ પ્રગતિ હાંસલ કરી છે. એટલું જ નહી કૃષિ, ઈન્?ફ્રાસ્ટ્રક્ચર સહિતનાં ક્ષેત્રોમાં પણ ગુજરાત વિકાસનુ રોલ મોડલ બન્યું છે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્?દ્ર પટેલે આ સંદર્ભમાં રાજ્યમાં યાતાયાત-વાહન વ્યવહાર માટે ઉદ્યોગો, નાગરિકો અને પ્રજા વર્ગોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત રોડ ઈન્?ફ્રાસ્ટ્રક્ચર પુરું પાડીને ઈઝ ઓફ લિવીંગ વધારવાની નેમ રાખી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર રાજ્ય સરકારનાં માર્ગ અને મકાન વિભાગના ઉચ્ચ કક્ષાના અધિકારીઓની કામગીરી વધુ ઈફેક્ટીવ, ટાઈમલી અને ક્વોલીટેટીવ બનાવવા અધિકારીઓનાં કાર્યક્ષેત્રની વધુ યોગ્ય વહેંચણી એટલે કે રેશનલાઈઝેશન ઓફ રીજીયનને ધ્યાનમાં લઈને કામગીરીમાં સુચક ફેરફાર કરવાનાં શ્રેણીબદ્ધ નિર્ણયો કર્યા છે.

રાજયમાં માર્ગોનાં વધુ અસરકારક મોનીટરીંગ અને સુપરવિઝન માટે મુખ્ય ઈજનેર સ્ટેટ અને મુખ્ય ઈજનેર પંચાયત એમ હાલની બે જગ્યાઓને બદલે મુખ્ય ઈજનેર ઉત્તર ગુજરાત, મુખ્ય ઈજનેર દક્ષિણ ગુજરાત અને મુખ્ય ઈજનેર સૌરાષ્ટ્રની જગ્યા રીઓર્ગેનાઈઝ અને રિસ્ટ્રક્ચર કરવામાં આવી છે.

આ મુખ્ય ઈજનેરો તેમના વિસ્તારના રાજ્ય તથા પંચાયતના એમ બંને રસ્તાઓની કામગીરી સંભાળશે તેમજ તેઓના વિસ્તારની કામગીરીની ગુણવત્તા અંગે જવાબદાર રહેશે.

એટલું જ નહી મુખ્ય ઈજનેરોએ દર અઠવાડિયે ઓછામાં ઓછા બે દિવસ ગુણવત્તાને પ્રાધાન્ય આપતા કામોની વિઝીટ કરવાની રહેશે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગની કામગીરીમાં સતત વધારો થવાનાં પરિણામે રાષ્ટ્રીય ધોરીમાર્ગની કામગીરીની પણ ઉત્તર અને દક્ષિણ એમ બે અનુભાગમાં વહેંચણી કરવાનો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્?દ્ર પટેલે નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ માર્ગોનાં કામોની ગુણવત્તા વધારવા સંદર્ભે મુખ્ય ઈજનેર ગુણવત્તા નિયમનનું તંત્ર વધુ સુદ્રઢ બનાવવાનાં હેતુથી દક્ષિણ ગુજરાતના ગુણવત્તા અંગેનું ટેકનિકલ ઓડિટ તથા ચકાસણી અન્ય મુખ્ય ઈજનેરને સોંપવા માટે પણ નિર્ણય કર્યો છે.

આવતા થોડા સમયમાં ટેકનિકલ ઓડિટમાં રાજયની ઈજનેરી કોલેજોના નિષ્ણાતોને પણ કેવી રીતે સમાવેશ કરી શકાય, તે ચકાસણી કરીને અહેવાલ રજૂ કરવા તેમણે વહીવટી પાંખને સૂચના આપી છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્?દ્ર પટેલે એવા દિશા નિર્દેશો આપ્યા છે કે, કોન્?ટ્રાક્ટર અને પ્રોજેક્ટ મેનેજમેન્?ટ કન્?સલ્ટન્?સીની કામગીરી અંગે સતત રેકોર્ડ રાખવામાં આવશે તેમજ કામગીરીનો વાર્ષિક રિવ્યુ કરીને યોગ્ય કામગીરી ન થઈ હોય તેવા કિસ્સામાં નિયમાનુસારની કાર્યવાહી ઝડપથી, અસરકારક અને સમયસર હાથ ધરાશે. માર્ગ અને મકાન વિભાગની અંદાજપત્રીય જોગવાઈઓમાં જે નોંધપાત્ર વધારો થયો છે તેનાં પરિણામે માર્ગ અને મકાન વિભાગની કામગીરીમાં પણ અત્યંત વધારો થયો છે અને બીજા વિભાગોની બાંધકામની જોગવાઈઓમાં પણ વધારો થયો હોવાનાં કારણે માર્ગ અને મકાન વિભાગની કામગીરી વધુ વ્યાપક સ્તરે વિસ્તરી છે.

# ભાજપા સરકારના બૌધિકોએ શિક્ષકનુ વધુ એક નામ શોધીને પાડ્યુ''જ્ઞાન સહાયક '' શિક્ષણ ગુણવત્તા સુધારવાનો ઉકેલ છે

ભાજપા સરકારના ૨૫ વર્ષનુ શાસન અનુભવ અને શિક્ષણ વિભાગનો ૧૦ જુલાઇ ૨૦૨૩ નો પરિપત્ર ભાજપાની કરની અને કથનીના તફાવતનો પર્દાફાસ કરે છે ૫''રાષ્ટ્રીય શિક્ષણ નિતી - ૨૦૨૩ '' હ્રઈઁ અને ''મિશન સ્કુલ્સ ઓફ એકસેલેન્સ'' ના નામે સરકારી પ્રાથમિક શાળા અને અનુદાનિત પ્રાથમિક શાળામા ''જ્ઞાન સહાયક'' શિક્ષકની ભરતી નામે ગુજરાતના બાળકોને શિક્ષણ વંચિત કરીને આવનાર પેઢીને અભણ રાખવાનુ આ પાપી પગલુ છે..

રાજયમા શિક્ષણ વંચિત થઈ રહેલા બાળકોને અને સક્ષમ લાયકાત ધરાવતા બેરોજગાર શિક્ષકોને જવાબ આપે ૫..

૧. શિક્ષકનુ નામ ''જ્ઞાન સહાયક '' રાખવાથી શિક્ષણ ગુણવત્તા સુધારી જશે. ?

૨. આ યોજના ૫ વર્ષઁની છે તો શિક્ષકની અવધી ૫ વર્ષઁની કેમ નહી ? ૧૧ મહિના કેમ ?

૩. ટેટ-૨ ની પરિક્ષા પાસ કરેલ કેટલા શિક્ષકોની ત્રણ વર્ષની મુદત પુર્ણ થઈ ગઈ છે ?

૪. ધોરણ દીઠ વર્ગઁ ખંડ - ધોરણ દીઠ શિક્ષકની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી અનિવાર્યઁ છે તેમ રાજયના બાળકો શિક્ષણ વંચિત ન રહે તે માટે રાજય સરકારની જવાબદારી પણ સુનિશ્ચિત કરવી જોઈએ..

૫. એક બાજુ ૭૬,૯૪૯ શિક્ષકોની ઘટ મતલબ એટલા શિક્ષકો ઘરે બેઠા છે અને વર્ગખંડમા વગર શિક્ષકે બાળકો કેળવણી લઈ રહયા છે તે શાસકો માટે શર્મનાક બાબત છે.અને શિક્ષકો માત્ર પાઠ્યપુસ્તકોની જ કેળવણી નહી પરંતુ શારિરીક, માનસિક અને સાસ્કૃતિક એમ ત્રિપરિમાણિત ઘડતરની કરવાની વિશેષ જવાબદારી વહન કરે છે અને તેના થકી રાષ્ટ્રને નવી તંદુરસ્ત ઉર્જાઁવાન પેઢીનુ નિર્માઁણ થાય છે૫

૬. પરંતુ તેને મહિને ૨૧,૦૦૦/- રુપિયાના ફિકસ માનદ વેતન અને તે પણ ૧૧ મહિનાના કરારમા દેશના બાળકોનુ જીવન ઘડતર કરવાની ફરજ નિભાવવાની અને ૧૨ મહિને ઘરભેગા કરવાના ? આ શિક્ષક સાથે ઉચિત વહેવાર છે ? અને એજ શિક્ષકને વર્ગઁ ખંડની દિવાલમા લખવાનુ કે શિક્ષક કભી સાધારણ નહી હોતા, '' પ્રલય ઔર નિર્માઁણ ઉસકી ગોદમે ખેલતે હૈ '' આથી વિશેષ કરુણતા બીજી કહી હોય શકે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.